સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧ થી ૫ ના વર્ગો શરૂ

માંડ ૨૦ ટકાથી ઓછી હાજરી, અનેક વાલીઓને ખબર નથી કે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સોમવારથી બીજું નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું અને એ સાથે જ ધો.૧ થી પના વર્ગો શરૂ કરવાનું નિર્ણય લેવાતા મિશ્ર આવકાર મળ્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ધો.૧ થી પના વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થયું પરંતુ માંડ ૨૦ ટકા હાજરી નોંધાઈ ન હતી. અનેક વાલીઓને હજુંપણ ખબર નથી કે શાળાઓમાં શિક્ષણ કાર્ય શરુ કરવાનો શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા ૨૧ મહિનાથી કોરોનાના કારણે ધો.૧ થી ૫ નું શિક્ષણકાર્ય માત્ર ઓનલાઈન ચાલતું હતું. કોરોનાના સંક્રમણ ઉપર અંકુશ આવ્યા પછી તબક્કાવાર ધો.૬ થી ૧૨ની શાળાઓમાં ઓફલાઈન શિક્ષણકાર્ય શરુ થયું. જ્યારે ધો.૧ થી પમાં પણ ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તે માટે અનેક વાલીઓ અને શિક્ષકો પણ તરફેણ કરતાં હતા. પ્રથમ શૈક્ષણિક સત્ર પુરૂ થયું છતાં ધો.૧ થી પની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ થઈ શક્યું નહતું. જેથી અનેક વિસ્તારોમાંથી વાલીઓ દ્વારા શિક્ષણકાર્ય શરૂ કરવા રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી અને સરકાર સમક્ષ રજુઆતોનો દોર શરૂ થયો. જ્યારે કેબિનેટ બેઠકમાં પણ ધો.૧ થી ૫ નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવા માટે ચર્ચાઓ શરૂ થઈ હતી.

ગતરોજ રવિવારે શિક્ષણમંત્રીએ ધો.૧ થી પની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય જાહેર કરતાં જિલ્લાની ૨૪૯૨ સરકારી અને ૩૩૦ સ્વનિર્ભર શાળાઓ તા.૨૨ નવેમ્બરથી શિક્ષણકાર્ય શરૂ થતાં બાળકો શાળામાં આવ્યા ત્યારે શિક્ષક ગદગદિત થયા હતા અને વહાલથી બાળકોને આવકાર્યા હતા પરંતુ એકંદરે ધારણા કરતા ઓછી વિદ્યાર્થી સંખ્યા જોવા મળી. આગામી એક સપ્તાહમાં ધો.૧ થી પની શાળાઓ રાબેતા મુજબ શરૂ થઈ જશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

માવઠાની મોકાંણ : જિલ્લામાં માવઠા બાદ વાદળછાયા વાતાવરણથી રવિ પાકમાં રોગચાળાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નવેમ્બર મહિનાના અંતિમ પખવાડિયમાં માવઠા બાદ વાદળછાયા વાતાવરણથી રવિપાકમાં રોગચાળાની દહેશત વધી છે. જિલ્લામાં માવઠા પછી વાદળછાયું વાતાવરણ ઉભું થતાં રવિ પાકમાં રોગચાળાની

દહેશત સેવાઈ રહી છે. ગત વર્ષે શિયાળા દરમ્યાન કમોસમી માવઠું વરસતાં ખેડૂતોને મોટો ફટકો સહન કરવો પડ્યો હતો. ત્યાં આ વર્ષે પણ ફરીથી ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના સહિતના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસી પડતાં પાક ઉત્પાદનના ખેડૂતોના અંદાજ ખોટા ઠરવાની સંભાવના છે.

જિલ્લાના ખેડૂતો દરેક સીઝનમાં ઉચ્ચ ગુણવત્તાનું મોંઘુ બિયારણ તેમજ રાસાયણિક ખાતરો ખરીદી ખેતી પાકોનું વાવેતર કરતા હોય છે પરંતુ કુદરત ગમે ત્યારે વાતાવરણમાં પલ્ટો લાવી ખેડૂતોની અચૂક કસોટી કરતી હોય છે. જિલ્લામાં શિયાળાના આરંભે અનુકુળ વાતાવરણ રહેતાં બંન્ને જિલ્લાના તમામ તાલુકાઓમાં શિયાળુ પાકનું મોટાપાયે વાવેતર શરૂ થયું. સમયાંતરે જળાશયોમાંથી કેનાલો મારફતે સિંચાઈનાં પાણી છોડવામાં આવતાં આ વર્ષે મબલખ પાક ઉત્પાદનની ધારણા ખેડૂતોએ વ્યક્ત કરી હતી. પરંતુ ગત ગુરૂ-શુક્રવારના રોજ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં નાટ્યાત્મક બદલાવ આવ્યા પછી ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના સહિતના કેટલાય વિસ્તારોમાં આકાશમાંથી માવઠું વરસતાં રવિ પાક ઉપર ખતરો ઉભો થયો છે. જિલ્લામાં માવઠું વરસ્યા પછી વાદળછાયું વાતાવરણ ગોરંભાયેલું રહેતાં રવિ પાકોમાં રોગચાળાની દહેશત ખેડૂત આલમે વ્યક્ત કરી છે. જિલ્લામાં વાદળછાયું વાતાવરણ દૂર નહીં થાય તો રવિ ખેતી રોગચાળાની ચુંગાલમાં આવી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

વિજયનગર તાલુકાને પ્રાકૃતિક તાલુકો જાહેર કરવા માંગ વધી

દર વર્ષે પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બનતો હરીયાળો તાલુકો, પ્રદુષણનું પ્રમાણ નહિવત્

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો જાહેર કર્યા પછી સાબરકાંઠાના વિજયનગર તાલુકાને પ્રાકૃતિક તાલુકો જાહેર કરવા માંગ ઉઠી છે. આ વિસ્તારમાં વનવિસ્તાર વધવાની સાથે પ્રદુષણનું પ્રમાણ નહિવત્ છે. સર્વત્ર લીલી હરીયાળી છવાયેલી છે. દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થતાં તાલુકાને પ્રાકૃતિક તાલુકો જાહેર કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

દેશમાં પ્રદુષણનું પ્રમાણ વધ્યું છે. કોરોના પછી પ્રજા સ્વાસ્થ્ય પ્રત્યે વધુ ગંભીર બનવાની સાથે હવે શુદ્ધ હવા મળે તેના ઉપર વધુ ધ્યાન આપતી થઈ છે. કોરોના સંક્રમણ પછી વેકેશન દરમ્યાન પણ પ્રકૃતિના ખોળે વિહરવાનું વધુ પસંદ કર્યું. હિમાચલ પછી કાશ્મિર અને ત્યારબાદ દક્ષિણ ગુજરાતના ડાંગ, સાપુતાર અને સાબરકાંઠાના વિજયનગરમાં પ્રવાસીઓનો મહાસાગર ઉમટ્યો છે.

ડાંગને પ્રાકૃતિક જિલ્લો જાહેર કર્યા પછી આદિવાસી વિસ્તારમાં ખુશાલી જોવા મળી છે. જ્યારે આદિવાસી સમાજની વિશેષતા એ છે કે તેઓ કુદરતની દેણ પ્રકૃતિને પ્રેમ કરે છે અને એટલે જ જંગલ વિસ્તાર ગાઢ થવાની સાથે લીલી હરીયાળી બારેમાસ જોવા મળે છે.

વિજયનગર તાલુકાના ૨ પ્રવેશ દ્વારા ઈડર તાલુકાની સરહદ પરના અંદરોખા આશ્રમ અને ભિલોડા તાલુકાના પ્રવેશ દ્વારથી વિજયનગર તાલુકામાં પ્રવેશ કરવો એટલે આંખોને ઠંડક આપનારી પ્રકૃતિ અને જ્યાં નજર કરો ત્યાં જંગલ વિસ્તાર જોવા મળે છે. આ વિસ્તારની પ્રજાએ પણ જંગલોના જતન માટે મહત્વનું યોગદાન આપ્યું છે.

રાજ્યની ભાજપ સરકારે પણ વિજયનગર તાલુકાના વિકાસ માટે પોળો ટેન્ટસીટી સહિત અનેક પ્રોજેક્ટને ગતિ આપી છે તે જોતાં સરકારે હવે ડાંગ જિલ્લા પછી સાબરકાંઠાના વિજયનગર તાલુકાને પ્રાકૃતિક તાલુકો જાહેર કરવો જોઈએ તેવી આ વિસ્તારના અનેક અગ્રણીઓ અને કેળવણીકારોએ માંગ કરી છે.

જોધપુર- સાબરમતી ટ્રેનમાં બિનવારસી વિદેશી દારૂ મળ્યો

જોધપુર- સાબરમતી જતી લોકલ ટ્રેન પાલનપુર રેલવે સ્ટેશન પર આવી પહોંચતા એક કોચમાં શંકાસ્પદ બિન વારશી થેલા માંથી વિદેશી દારૂ મળી આવતા દારૂના જથ્થાને જપ્ત કરવામાં આવ્યો હતો. પાલનપુરના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર જોધપુર - સાબરમતી લોકલ ટ્રેન આવી પહોંચતા ટ્રેનના એક જનરલ ડબ્બામાં પોલીસને એક બિનવારસી શંકાસ્પદ થેલો નજરે પડતા પોલીસે આ થેલા ની તલાશી લેતા તેમાંથી રૂ.૯૮૦ની કિંમતનો ૧૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે આ દારૂ નો જથ્થો કબજે કરી ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે જોકે બુટલેગરો દ્વારા રાજસ્થાન માંથી મોટા પાયે વિદેશી દારૂની ગુજરાતમાં હેરાફેરી કરી રહ્યા છે.

અરવલ્લી : પીધેલો પત્રકાર પોલીસની રીલ ઉતારવા જતા પોલીસે પત્રકારની ફિલ્મ ઉતારી લીધી

ઉંડવા નજીકથી નશામાં ધૂત પત્રકાર ઝડપાયો

અરવલ્લી જીલ્લામાં પત્રકારોનો રાફડો ફાટ્યો છે પત્રકારના નામે કેટલાક લેભાગુ પત્રકારો અધિકારીઓ અને

કર્મચારી સહીત લોકો સામે દાદાગીરી અને ગેરવર્તણૂક કરતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે મેઘરજની રાજસ્થાન રાજ્યને અડીને આવેલ ઉંડવા ચેકપોસ્ટ પર વાહનોનું ચેકીંગ કરતી મેઘરજ પોલીસ પાસે નશામાં ચકચૂર બની દૈનિક અખબારનો પત્રકાર પહોંચી પોલીસકર્મીઓ સાથે માથાકૂટ અને દાદાગીરી કરતા પત્રકારની દાદાગીરી માથા ઉપરથી જતા આખરે પોલીસે પત્રકાર સામે ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દેતા પત્રકારનો નશો ઉતરી ગયો હતો પીધેલા પત્રકારની હરકત સામે પત્રકાર આલમમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મેઘરજ પોલીસે ઉંડવા ચેકપોસ્ટ પર રાજસ્થાન રાજ્ય તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું શનિવારે રાત્રીના સુમારે તેજેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ રાઠોડ નામનો શખ્સ દારૂ પીધેલી હાલતમાં ઉંડવા ચેકપોસ્ટ પર પહોંચી પત્રકાર તરીકેની ઓળખ આપી વાહનોનું ચેકીંગ કરી રહેલા પોલીસકર્મીઓની કામગીરીનું મોબાઈલમાં રેકોર્ડિંગ કરી પત્રકાર હોવાની દમદાટી આપી પોલીસકર્મીઓ સામે અશોભનીય વર્તન કરી મોબાઈલ નીચે પછાડી દાદાગીરી મારતા પત્રકારની અસહ્ય બનેલ વાણી વિલાસ અને હંગામો કરતા ફરજ પરના પોલીસકર્મીઓએ મેઘરજ ઉચ્ચ અધિકારીને જાણ કરતા મેઘરજ પોલીસ સરકારી વાહન સાથે ઉંડવા ચેકપોસ્ટ પર પહોંચી નશામાં ધૂત પત્રકારને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડેલ પત્રકાર પાસેથી દૈનિક અખબાર અને એક સોશ્યલ મીડિયામાં ચાલતા પોર્ટલના આઈકાર્ડ પણ મળી આવ્યા હતા.

ખેમાણા ટોલનાકા ખાતે વિશ્વ શ્રધ્ધાંજલી દિવસની ઉજવણી કરાઈ

પાલનપુર તાલુકા પોલીસ અને ખેમાણા ટોલનાકા ના સંયુક્ત ઉપક્રમે તા.૨૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજ વિશ્વ શ્રધ્ધાંજલી દિવસની ઉજવણી કરાઈ હતી જેમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને મીણ બત્તી પ્રગટાવી અને બે મિનિટ મૌન પાળીને શ્રધ્ધાંજલી આપવા આપવામાં આવી હતી અને માર્ગ અકસ્માતોને અટકાવવા જન જાગુતી આવે તે માટે વાહન ચાલકોને ગુલાબના ફુલ આપી વાહનો ચલાવતી વખતે હેલ્મેટ ,સીટ બેલ્ટ તેમજ ટ્રાફીકના નિયમોનુ ચુસ્ત પણે પાલન કરવા સમજ આપવામાં આવી હતી.

કૌટુંબીક કાકી સાથે આડા સંબંધમાં કિશોરે જીવ ગુમાવ્યો

બાયડના પૂંજાપુરમાં કિશોરને માતા સાથે સંબંધ રાખનાર ભાઈને પતાવી દીધો

બાયડ તાલુકાના પૂંજાપુરમાં બે દિવસ અગાઉ લાપત્તા બનેલા ધો.૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનો પરોઢે ગામ નજીકથી ઘાતકી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં સનસનાટી મચી ગઈ હતી બાયડ પોલીસ સહીત જીલ્લા પોલીસતંત્ર ઘટનાસ્થળે પહોંચી હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ બાયડ પોલીસે અને જીલ્લા પોલીસતંત્રની એજન્સીઓએ ગણતરીના કલાકોમાં કિશોરની હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો જેમાં મૃતક કિશોરની હત્યા કૌટુંબિક સગીર યુવકે કરી નાખી હોવાનો ઘટસ્ફોટ થયો હતો મૃતક યુવકના કૌટુંબીક કાકી સાથે આડા સબંધ હોવાની મહિલાના સગીર પુત્રને જાણ થઈ જતા સગીર સમસમી ઉઠ્યો હતો અને માતાને ઘર નજીક મળવા આવેલા કૌટુંબિક ભાઈને એક જ ઝાટકે કુહાડીનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

બાયડ તાલુકાના વસાદરા ગામ નજીક આવેલા પુજાપુર ગામના ૧૫ વર્ષીય સગીરને રાત્રીના સમય ગાળા દરમ્યાન કોઈ ઈસમે રાત્રીના સમય લાભ લઈ સચીન ને શરીરના ભાગે તેમજ માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા સચીનનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. સચિનના મોતના સમાચાર વાયુવેગ થતા આજુબાજુના રહીશો જોવા માટે ઉમટી પડયા હતા. બાયડ પોલીસ ટીમ સહિત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી પોલીસે મૃતકના પિતા પ્રવિણ જેમાભાઈ પગી(સોલંકી)ની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બાયડના પુંજાપુર ગામમાં સગીરની હત્યાની ઘટનાના પગલે નાયબ પોલીસ અધિક્ષક ભરત બસિયાના માર્ગદર્શન બાયડ પ્રોબેશન પીઆઈ ઉન્નતી પટેલ અને જીલ્લા પોલીસતંત્રની વિવિધ એજન્સીઓ સગીરની હત્યાનો ધમધમાટ શરૂ કરી ડોગ સ્કોવડ અને એફએસએલની મદદ લીધી હતી મૃતક સગીર ઈશ્ક મીજાજી હોવાથી ત્રણ ચાર શકમંદ યુવકો સહીત સગીરની સઘન પૂછપરછ કરી હતી આખરે સગીર યુવક શંકાસ્પદ જણાતા આગવી ઢબે પોલીસે પૂછપરછ કરતા સગીર ફસડાઈ પડ્યો હતો અને તેને જ તેના કૌટુંબીક ભાઈની કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી હોવાનું કબૂલી લીધું હતું હત્યારા કીશોરે મૃતક કૌટુંબીક ભાઈના તેની માતા સાથેના આડાસંબન્ધો થી તંગ આવી હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું બાયડ પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા હત્યારા સગીર સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપવા તજવીજ હાથધરી હતી.

બાયડ વિધાનસભામાં ભાજપ મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારે તેવી સંભાવના વધી

અત્યારથી જ ટીકીટ માટેની ખેંચતાણ ભાજપને ભારે પડે તેવા રીપોર્ટ : કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ જુથ તેમજ ભાજપના અન્ય બે જુથ વચ્ચે ખેંચતાણ વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

વર્ષ ૨૦૨૨ માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાવાની છે. બાયડ વિધાનસભાના ઈતિહાસમાં ભાજપે ક્યારેય મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી જેથી આગામી વિધાનસભા ચુંટણીમાં વકરેલા જુથવાદને ડામવા ભાજપ મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી પ્રતિષ્ઠાનો જંગ બનનારી બેઠક જીતવા માટે કમર કસી હોવાનું જાણવા મળ્યું છે. વિધાનસભાની ચુંટણીને ૧ વર્ષની વાર છે ત્યારે અત્યારથી ટીકીટ માટે ખેંચતાણ અને જુથવાદ વકર્યો છે. પ્રદેશ પ્રમુખ સાથે ઉભા રહીને ફોટા પડાવ્યા એટલે ટીકીટ પાકી તેવું સમજનારા મહત્વાકાંક્ષી ઉમેદવારોની ભાજપ હવા કાઢી નાખે તેવું ભાજપના પાયાના કાર્યકરો અને મતક્ષેત્રની પ્રજા ઈચ્છી રહી છે. વિધાનસભા મતક્ષેત્રમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ જુથ હાવી થઈ ગયું છે. ભાજપના પાયાના કાર્યકરોએ તેઓએ રીતસરના હોંસિયામાં ધકેલી અને મૂળ ભાજપમાં પણ બે જુથ ટીકીટ માટે દાવેદારી કરતા હોવાથી ૩ જુથને એક કરવા મુશ્કેલ છે. આ સંજોગોમાં મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી ભાજપ કમળ ખીલાવવા માટે પ્રયત્નશીલ હોવાનું જાણવા મળ્યું છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રનો ઈતિહાસ પક્ષ પલટાથી ખરડાયેલો છે. મતદારોએ જે ઉમેદવારોને ચુંટીને ગાંધીનગર વિધાનસભા ગૃહમાં મોકલ્યા પરંતુ પોતાના સ્વાર્થ ખાતર પક્ષ પલટો કરી પેટા ચુંટણીનું ભારણ અને પોતાનો અંગત સ્વાર્થ સાધ્યાની વિગતો જગજાહેર છે. વિધાનસભાની ચુંટણી અગાઉ ઠેકઠેકાણે શક્તિપ્રદર્શન અને મારી ટીકીટ પાકી તેવા દાવા શરૂ થયા છે. ગત શુક્રવારે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલએ મોડાસાની મુલાકાત દરમ્યાન જુથવાદ ઉપર કટાક્ષ કર્યા પછી પણ કેટલાંક આગેવાનો અને કાર્યકરો સુધરવા માંગતા નથી અને શેઠની શિખામણ ઝાંપા સુધીની કહેવત અનુસાર બીજા દિવસથી પોતાને ટીકીટ મળવાની છે તેમ સમજી ૫ થી ૭ ગામડાનાં પ્રવાસ શરૂ કરી દીધો છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં બક્ષીપંચ સમાજના મતદારોનું પ્રભુત્વ રહેલું છે પરંતુ તેનો દૂર ઉપયોગ ન થાય તે મતદારોએ અને યુવાનોએ જોવું પડશે. જ્યારે પ્રદેશ નેતાગીરીમાં પણ બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં જે જુથવાદ વકર્યો છે તે ચરમસીમાએ છે અને પૂર્વ ધારાસભ્યો પણ એક બીજા સામે ગંભીર આક્ષેપો સાથે તત્કાલીન મુખ્યમંત્રી કાર્યાલયમાં પત્રો લખ્યા હતા તે બધું જોતાં યાદવાસ્થળી ડામવા માટે મહિલા ઉમેદવાર એકમાત્ર વિકલ્પ છે અને બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં આજદિન સુધી ભાજપએ મહિલા ઉમેદવાને મેદાનમાં ઉતાર્યા ન હોવાથી મહિલા કાર્યકરો અને મહિલા મતદારો પણ મહિલા ઉમેદવારની ખુલ્લેઆમ તરફેણ કરવા માટે ટુંક સમયમાંજ જાહેરમાં આવશે તેવું જાણવા મળ્યું છે. બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં જે રીતે ભાજપ મહિલા કાર્યકરોમાં કામગીરીનો ઉત્સાહ વધ્યો છે તે જોતાં ભાજપ મહિલા ઉમેદવાને ૧૦૦ ટકા મેદાનમાં ઉતારી જુથવાદના સળા ને જડમૂળથી નષ્ટ કરશે તેવી સંભાવના વધુ છે.

૩૦ દિવસીય ચાલતી ફ્રી ફિટનેસ તાલીમની પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો

બનાસકાંઠા ના પાલનપુર મુકામે પોલીસ હેડકોટર માં વુમન્સ કેર ફાઉન્ડેશન અને સંકટ સમયની સાકળ એવા પ્રિયંકા ચૌહાણ દ્વારા છેલ્લા ૩૦ દિવસથી પોલીસ ની શારીરિક તૈયારી ફ્રી માં થઈ રહી હતી ત્યારે આજે એનો વિદાય સમારંભ પાલનપુર ના ટાઉનહોલ માં યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે મોટીવેશન સ્પીકર સંજય રાવલ, બનાસકાંઠા ડી.વાય.એસ.પી આર.કે.પટેલ, આર.એસ.આઈ પી.એન કુંપાવત,પાલનપુર મામલતદાર (ગ્રામ્ય) કમલ ચૌધરી, તથા આ ટ્રેનિંગ ના ટ્રેનર પી.આર.પરમાર, આયોજક પ્રિયંકા ના પિતા મહેશભાઈ નાનજીભાઈ ચૌહાણ, અને તેમના માતા મંજુલાબેન મહેશભાઈ ચૌહાણ તેમજ ટ્રેનિંગ લેનાર તમામ મહિલાઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા મહિલાઓ ની ઉત્સુકતા જોઈ ડી.વાય.એસ પી આર.કે પટેલે બીજો એક મહિનો પણ ટ્રેનિંગ માટે ફ્રી ઓફ મેદાન અને ટ્રેનિંગ કોચ ફાળવવા માટે ની જાહેરાત કરી હતી સંજય રાવલ દ્વારા આ સમગ્ર કામગીરી ને બિરદાવી હતી આ મહિલાઓ પરીક્ષામાં પાસ થાય કે ના થાય પરંતુ જીવન ની પરીક્ષામાં જરૂરથી પાસ થશે તેવી વાત કરી હતી અને લોકોની સેવા કરવા માટે ની પેરણા પુરી પાડી હતી આ મહિલાઓ એ વધુ એક મહિનો ટ્રેનિંગ કરવા મળશે તેવી જાહેરાત થતા હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી.

સાથે સાથે આ કામગીરી કરતાં પ્રિયંકા ચૌહાણ પોતાના ઘરે જે દસ મહિલાઓ ને રાખતા હતા તેમને પ્રિયંકા બેનનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને વિશ્વ્વાસ પણ આપ્યો હતો તે આ પરીક્ષામાં જરૂરથી પાસ થઈ બતાવશે અને તેમના પરિવાર અને આ ફાઉન્ડેશન નું નામ રોશન કરશે.

રાજસ્થાનના પ્રવાસે ગયેલ યુવકોની

કારને અકસ્માત નડ્યો, સોહેબ પટેલ નામના આશાસ્પદ યુવકનુ મોત, બે યુવકો ગંભીર

મોડાસા શહેરમાં લઘુમતી સમાજના ૧૦ યુવાન મિત્રો બે કારમાં રાજસ્થાન પ્રવાસે ગયા હતા

પરત મોડાસા ફરતા જેસલમેર-જોધપુર હાઈવે પર એક કારને આડે ઉટ ઉતરતા કાર પલ્ટી ખાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો કારમાં સવાર સોહેબ પટેલ નામના યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જયારે બે યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા એક યુવક જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે લઘુમતી સમાજના યુવકનું રાજસ્થાનમાં કાર અકસ્માતમાં મોત નિપજતા ભારે શોકની લાગણી છવાઈ હતી મૃતક યુવકના પરિવારજનો અને મિત્ર વર્તુળ રાજસ્થાન પહોંચી મૃતક યુવકની લાશને વતનમાં લાવવા તજવીજ હાથધરી હતી મૃતક યુવક સહીત તેના મિત્રોએ રાજસ્થાનમાં લીધેલ યાદગાર તસવીરો સોશ્યલ મીડિયામાં શ્રધાંજલિ અર્પતી વાયરલ થઈ હતી. મોડાસા શહેરમાં રહેતા ૧૦ યુવકોનું ગ્રુપ બે કારમાં દિવાળી વેકેશનમાં રાજસ્થાન ફરવા ગયા હતા રવિવારે રાત્રે પરત મોડાસા ફરી રહ્યા હતા જેસલમેર-જોધપુર રોડ પરથી બંને કાર આગળ પાછળ પસાર થઈ રહી હતી ત્યારે અચાનક રોડ પર ઉંટ આવી જતા કાર પલ્ટી જતા રોડ સાઈડ ખાડામાં ઉંધા માથે પછડાતા કારમાં સવાર સોહેબ સલીમ ભાઈ પટેલ નામના યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યુંહતુંકારમાં સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી